ફતેચંદભાઇ ફસાણા

ચંચલવહુએ કરેલી ચતુરાઇ

એક રમુજી વારતા

છપાવી પ્રસીધ કરનાર

સા૰ વખતચંદ વેલસી વખતપુરવાલા

સંવત ૧૯૬૧ સને ૯૦૫

કીમત ૧ આનો

ધી "કમર" પ્રીન્ટીગ પરેસ અંબદુલરેમાન સ્ટ્રીટ મુંબાઇ

ફતેચંદભાઈ ફસાણા:

એક રમુજી વારતા:

કોઈ એક નાના ગામડાંમાં મુલચંદસાકરી વાણીઓ રહેતો હતો અને તે મોટો વેપારી હતો ગામમાં તથા એટલા પડખાના ગામડાંઓમાં સરવે લોકો નગર શેઠ કરી કહેતા હતા તેને ઘેર એક સારી અને ગુણવંતી સ્ત્રી હતી તેનું નામ નાનીબાઈ કરીને હતું આ અને માણુસો ઘણા ધર્મીસ્ત હતાં ગરીબ લોકો ઉપર દયા રાખતાં ઘેર ગાડી ઘોડા ચાકર નોકર ઘણાં હતાં પણ પોતાને પેટે સંતાન હતું નહી શેઠની ઉમર વરસ ચાલીસની અને તેની સ્ત્રીની ઉમર ત્રીસને આસરે હતી પરમેશ્વરની ગતી ન્યારીજ છે પાતરીસ વરસની ઉમરે નાનીબાઈને પેટે ઓધાન રયુ અને દસ માસ પુરા થયા એટલે એક સુંદર બાળકનો જન્મ થયો એથી શેઠ અને શેઠાણીના હર્સનો પાર રયો નહી ગામમાં સાકરો વેચાવી ગરાબોને દાણા લુગડાં આપી બ્રાહ્મણોને દાન આપી ખુસી કરયા શેઠે સારા સારા બીદવાનો તેડાવી જનમોત્રી કરાવી તેનું નામ ફતેચંદ પાડ્યું હવે ફતેચંદ મોટો થયો ત્યારે નીસાળે ભણવા બેસાર્યો પાંચ સાત વરસમાં સારી રીતે ભણી ગણી હુસીયાર થયો ત્યારે નીસાળેથી ઉતારી લઈ શેઠે પોતાની

પાસે દુકાનમાં રાખ્યો બે વરસમાં દુકાનમાં પણ સારી રીતે માહીતગાર થઈ ગયો ત્યારે શેઠે વીચાર કરયો કે હવે ફતેચંદની લાયક કન્યા સોધીને લગન કરીએ તો ઠીક કારણકે મારી હવે વૃધ અવસ્થા થઈછે માટે તે કામ કરૂ એમ વીચાર કરી કોઈ સારા બ્રામણને બોલાવી અને કયુ કે આપણા ફતેચંદનુ સગપણ કરવુંછે માટે ગમે તે ઠેકાણે ફરી તેના લાયક કન્યા ગોતી લાવ બ્રામણ શ્રીફલ લઈ ચાલી નીકળો ચાલતા ચાલતા પાચ પચીસ ગાઊ ઊપર એક ગામમાં નથુસા કરી એક વાણીઓ રહેતો હતો તેને ઘેર તેર વરસની કન્યા ની કે જેનુ નામ ચંચલ કરીને હતું આ બ્રામણ પુછા કરતો કરતો ત્યા આવ્યો અને તે કન્યાની ચતુરાઈ અને ગુણ જોઈને બ્રામણતો અજાયબ થઈ ગયો બ્રામણે નથુસાને વાત ચીત કરી સારી રીતે સમજાવી ફતેચંદનું સગપણ કરી ઘડીઆ લગન લઈ ત્યાંથી ચાલી નીકલયો ઘેર આવી મુલચંદસા શેઠને વાત ચીત કરી તેથી ઘણુ ખુસી થયાં અને કહેકે ઘડીઆ લગન લીધાછે માટે સામગ્રી તૈયાર કરાવો શેઠે મોટી ધોમ ધુમથી અને ઘણો પૈસો ખરચી ફતેચંદને પરણાવીયો હવે ફતેચંદ અને તેની સ્ત્રી ચંચલ સુખ ચેનમાં દીવસ ગુજારેછે એવામાં બે વરસ થયા ત્યારે તો શેઠ અને તેમની સ્ત્રી નાનીબાઈ બને જણ ગુજરી ગયાં હવે દુકાનમાં મુનીમછે તેણે વીચાર કરયો કે ફતેચંદને કાંઈ ખબર નથી માટે સારી રીતે હાથ મારી લઊં તો પછી નોકરી કરવી મટી જાય તેવો વીચાર કરી પોતે ખોટી બનાવટ કરી ફતેચંદને દરરોજ સમલાવે કે આજે આપણી ફલાણે ઠેકાણે દુકાન હતી તે ભાગી આજે ફલાણો આસામી ભાગ્યો આજ આમ થયું ને આજ તેમ થયું ને એવી રીતે સમલાવી સમલાવી પુંજી હતી એટલી ખાઈ લીધો દરરોજ જ્યારે એમ થવા

આંડયું ત્યારે ફતેચંદની સ્ત્રી ચંચલે વીચાર કરયો કે આપણો દીવસ નક્કી કમ આવ્યો નહીતો આવી રીતે થાય નહી પછી ફતેચંદને તેના સ્ત્રીએ સમજાવી દુકાન ઉપરના તમામ માણસોને રજા અપાવી દુકાનો બંધ કરાવી હવે જ્યાં એક વરસ થયું ત્યાં તો ફતેચંદ પાસે એક પાઈ પણ રહી નહી અને ભીખારીની હાલતમાં આવી પોંહચ્યા ચંચલ ઘણી ચતુર ને ચાલાક હતી તેથી વીચાર કરયો કે મારા માવતરને ઘેર મોકલુ ને ત્યાંથી પાચ પચીસ રૂપીઆ લઇ આવેતો પછી ધંધો રોજગાર કરી ખાસું ફતેચંદને કહયુ કે તમો મારા પીયર જાવ ને ત્યાંથી મારા બાપને કહેજો એટલે તમને સારી મદદ કરશે માટે બીજો કોઇ ઉપાય નથી ફતેચંદ પોતે ચાલી નીકલો હવે રસ્તાંમાં વીચાર કરેછે કે હે દીનદયાલુ પ્રભુ મારે માથે કેવું દુખ આવી પડયુંછે કોઈ દીવસ ટાઢકે તડકો બાળો નથી તેને ઠેકાણે ભીખારીની હાલતમા આતારે રણ વગડામાં રખડવું પડેછે એમ વીચાર કરતો કરતો ચાલો જાયછે બપોરના બે વાગવાનો વખત થઇ ગયો તેવામાં બંદુકેના અવાજ કાને સાંભળવામાં આવ્યા ત્યારે વીચાર કરયો કે આ સામે હરણી ઊભીછે તેના ઉપર કોઇ સીકારી આવેછે માટે મારી નાખસે એમ કરી હરણીને ત્યાંથી ભગાડી મુકી પણ એવામાં ઘોડે સ્વાર સામેથી આવેછે તેઆ ફતેચંદનું ધીયાન નોતુ પોતે ચાલો જાયછે તેવામાં ઘોડેસ્વારે આવી એકદમ ફતેચંદને પકડી કેદ કીધો અને રાજા પાસે લાવી ઊભો રાખ્યો અને સીપાઇએ કહ્યુ કે સાહેબ આ વાણીઆએ આપણું સીકાર હાથમાં આવવા દીધો નહી એટલું કહેતાં રાજાએ એકદમ ગુસ્સે થઇને હુકમ કરયો કે આને સખત કેદખાનામાં રાખી આજથી બે મહીને ફાંસીને લાકડે લટકાવી દેજો

એવો હુકમ થતાજ કૃતેચંદ એકદમ બાવરોજ બની ગયો અને વીચાર કરવા લાગ્યો કે હે પ્રભુ તેં મને આવા દુખમાં નાખવા કરતા મોત કેમ આપ્યું નહી મારી સ્ત્રી મારા વીના ઝુરી ઝુરીને અંન પાણીવીના મરી જશે હું એક ભીખારીની હાલતમાં આવી ગયો છુતે પણ મારે માથે કેવુ દુખ પડ્યુ છે અને હું કેવી રીતે ફસાઇ પડ્યો છું હે પરમેશ્વર હવે તારા સીવાય ઉગારે તેમ કોઇ નથી, એવા એવા અનેક વીચાર કરતો કરતો સીપાઈઓના સપાટામાં ચાલ્યો જાયછે હવે સીપાઇઓએ લાવી તેને કેદખાનામાં નાખી દીધો હવે તે ઘણોજ દીલગીર અને કલપાત કરે છે પણ ત્યા સું થવાનુ પરમેશ્વરની સ્તુતી કરા કરે છે હવે અહીં ચંચલ વીચાર કરેછે કે આજે આઠ દીવસ થયા પણ હજુ આવ્યા નહી તેનુ કારણ સું માટે ચાલ સમાચાર મંગાવુ અથવા કોઇ માણસ મોકલી સમાચાર મંગાવુ પછી કોઈ માણસને કાગલ લખી આપી તેના માવતર ને ઘરે મોકલ્યો ત્યા આવી પુછા કરી તો કહે કે અહી કોઇ આવેલુ નથી. માણસ ત્યાંથી પાછુ આવ્યુ હવે ચંચલે વીચાર કરયો કે મારા પતી મને મુકીને ચાલ્યા જાય તેવો વીસવાસ મને નથી કારણ કે મારા સીવાય ઘડી ૧ પણ રેહી સકતા નહી અને મારા ઉપર ઘણોજ પ્રેમ હતો પણ મને એમ લાગે છે કે કોઈ ઠેકાણે ફસાઇ ગયા હસે તેમ જરા પણ સક નહી માટે ચાલ પરમેશ્વર કરસે તે ખરૂ પણ તેમની સોધ કરવા જવું એવો વીચાર કરી પોતાના પડોસીને કહે હું મારા પીયર જાઉછું માટે મારા ઘરની સંભાળ રાખજો એમ કહી ચંચલ ચાલી નીકલી હવે પોતાના પતીના બીજોગે

અને દુખના લીધે અંન પાણી પણ લેતી નથી અને ગામોગામ જોતી જોતી જાઅછે એમ ફરતા ફરતા એક ઉજડ વન આવ્યુ તેમાં ચાલી જાયછે એવામાં સાજ પડવાનો વખત આવ્યો ગામ પણ એચાર ગાઊ છેટે રયુ છે પોહોચાઅ તેમ રયુ નહી ત્યા એક મોટો વડ આવ્યો પાસે તલાવ અને એક સુંદર વાવ આવી ત્યા ચંચલે વીચાર કરયો કે આજની રાત અહી રેહેવું કારણ કે ગામ હજું દેખાતુ નથી સાજ પણ પડવા આવીછે માટે આ વડ ઊપર રાતની રાત ગુજારી સવારના ચાલસું એવો વીચાર કરી વડ ઊપર ચડી સુતી છે એવામાં મધરાત્રીનો સમો, થઓદ ત્યારે ચંચલને કાને સબદ આવવા લાગા ત્યારે ઝબકીને જાગી ઊઠી આસ્તે રહીને જુવે છે તો નીચે ચાર ચોર ચોરી કરી ઘણું દ્રવ્ય લાવી એજ વડ નીચે બેઠેલા જોયાં હવે ચંચલ બેઠી બેઠી બધી ચરચા જુવેછે એવામાં ચાર ચોરમાથી એક જણ બોલો કે ભાઇ આપણને ભુખ ઘણી લાગીછે માટે કાંઈ ખાવાનુ લઇ આવી એ તો ઠીક એમ કરી બે જણા ગામમાં ખાવાનુ લેવા ગયા અને બે જણ વડ નીચે બેઠા છે હવે બે ચોર ખાવાનુ લેવા ગયા છે તેણે સું વીચાર કરયો કે આપણે મીઠાઇમાં ઝેર નાખીને લઈ જાઇએ એટલે પેલા બે ખાઅ તેવાજ રામ થઈ જાઅ પાછી બધો ચોરેલો માલ આપડેજ રહે એવો વીચાર કરી ગામમા જઇને મીઠાઇમાં ઝેર નંખાવી લઇને ચાલી નીકલા. હવે અહી વડ નીચે બે જણા બેઠા છે તેણે સું વીચાર કરયો કે ખાવાનું લેવા ગયા છે તે બે જણ લેવા આવે તેવાજ આ તલવારથી માથા અને ધડ જુદા કરી નાખીએ તો ચોરેલો માલ આપણને રહે

એવા વીચાર કરે છે તેમાં પેલા બે જણુ ખાવાનુ લઇને આવી પહોચા જેવા આવીને બેસવા જાયછે તેવાજ બેઠેલા બે જણુ ઊભા થતાજ બેય જણના ધડને માથા જુદા જુદા કરી નાખ્યાં પછી બને જણુ લાવેલી મીઠાઇ ખાવા સારૂ બેઠા બએ કકડા ખાધા ત્યા તો એક જણુ આ બાજુ ઢળો ને એક જણુ આ બાજુ ઢળી પડો હવે પેલી સ્ત્રી ચંચલ વડ ઊપરથી બધો તમાસો જોયા કરેછે અને વીચાર કરી કહેવા લાગી કે હે પ્રભુ તારી ગતી ન્યારીજ છે કહેવત છે તે ખરૂજ છે કે દગા કીસીકા સગા નહી બહી દેખાતો કર દેખો એજ પરમાણે થયુ હવે ચાર વાગવાનો અમલ થયો ત્યારે ચંચલ વડ નીચે હેઠે ઉતરી અને જુવે છે તો બે જણુ મરી ગયેલા પડા છે અને બે જણના માથાને ધડ જુદા જુદા રખડે છે ચોર લાવનનો ઢગલો એક બાજુ રહી ગયોછે ચંચલે આસતે રહીને બધો માલ તપાસો તો અંદરથી હીરા માણેક સાચા લુગડા ઘરાણા વગેરે હતા અને વીચાર કરયો કે હાલ મહી મારા પતની સોધમાં જવુ છે માટે આમાથી ઊચકાય તેટલો માલ લઇ કોઇ માણસને ચાલવાનો રસ્તો ન હોય તેવ ઠેકાણે દાટી અને ચાલી જાઊ વલતી વખતે હુ અને મારો પતી આવસુ ત્યારે લઇ જસુ એવો વીચાર કરી કોઇ સારી જગ્યાએ બરાબર નીસાની રાખી ત્યાં ઊચકાયો તેટલો માલ લઇ જઈને દાટયો પાછી વડ પાસે આવી તેમાંથી સોના મોહોરો લીધા પુરસના પહેરવાનો રેસમી પોસાગ તેમાં હતો તે પણુ લઇને પહેરીવાળો હવે ત્યાથી પાછુ ચાલ્યા માફ ચાલતા ચાલતા જે ગામમાં પોતાનો પતી હતો તે ગામના પાદરમાં આવી કુવાને આરે બાઇડીઓ વાતો કરેછે તે સાંભ

થાને પુરૂષને વેસે બેઠી છે તેવામાં કુવા ઊપર વાત થવા લાગી કે
આપણા ગામના રાજા સીકારે ગયા હતા ત્યાથી એક કલયા કુ
વર જેવો વાણીઆના દીકરાને કેદ કરી લાવેલા છે અને તેને ફાસી
દેવાનો હુકમ રાજાએ કરેલો છે આજથી પંદર દીવસે રાજા ફાસી
આપસે એવી વાંતો જ્યા સાભલી ત્યારે વીચારમાં પડી અને ક
હેવા લાગી કે રખેન મારો પતી હોય પણ ચાલ તપાસતો કરૂ
એમ કરી પુરૂસના વેસમાં પોતે ચાલી જાયછે ગામમાં જોતાજો
કોઇ ઠેકાણુ ઊતરવાનો જોગ બનો નહી છેવટ ગામના દર
બાર આવે છે એટલામાં એક ફુલવાડી ભાળી તેમા અંદર દાખલ
થઇ એટલામાં માલણુ સામી બેઠીછે ત્યારે આને જાતાયેત પેલી
માલણુને સોના મહોરની મુઠી ભરીને આપી ત્યારે તો માલણુ બહુ
રાજી થઇ અને આદર સતકાર આપી સારી રીતે ભાઈ ભાઇ કરીને માન
આપ્યું એટલામાતો માલણુનો છોકરો વરસ સાતની ઊમરનો હસે
તે રમતા રમતા ઘરે આવ્યો અને કહેવા લાગો કેમા આ કોણ
છે ત્યારે માલણુ કહે કે એ તારા મામા છે ત્યારે પેલાએ પાછી
સોના મહોરની મુઠી ભરી છોકરાને આપી ત્યારે તો માલણુના દાલ
દર ભુકાજ થઇ ગયા અને વીચાર કરવા લાગી કે કેટલા વરસ થ
આ રાજાની ગુલામી કરીએ છીએ પણ આટલુ ધન મલુ નહી અ
ને આ કોઇ પરદેસી આવીને હજુ બેઠા છે તેટલી વારમાં તો
મારા છોકરાના છોકરા ખાવે તેટલું ધન આપી દીધું હવે પુછ
વા લાગી કે ભાઇ તમારે કાઇ મારા સરખુ કામ કાજ હોય તે,
સુખેથી કહેવુ અને ગમે તેવુ કામ હસે તોપણુ હુ કરવા તૈયાર
છુ એમ અરસ પરસ વાતો કરતા રાત પડી ગઇ હવે બધાએ

સુઇ ગયા. ચંચલે વીચાર કરયો કે એવી યુકતી સોધી કાઢવી કે બે ત્રણ દીવસમાં આપણું કામ પાર પડીજાય બીજે દીવસે સવારના માલણ દરબારમાં ફુલ આપવા ચાલી ત્યારે પેલો બોલ્યો કે બેન મને દરબારમાં તેડીજા ત્યારે માલણે જુવાબ આપ્યો કે ભાઇ અહીંના દરબારમાં પુરૂસને જવાની બીલકુલ રજા નથી. ત્યારે કહેવા લાગ્યો કે બેન હું સ્ત્રી વેસે કપડાં પહેરીને તમારી સાથે આવીસ ત્યારે માલણે ખુશીથી હા પાડી સ્ત્રી તો હતી અને તેમાવળી સોળ સણગાર સજી સારા સારા ઘરેણાં પહેરી માલણ સાથે ચાલી નીકળી માલણ જોતાવેત અજાયબ થઇ ગઇ બંને જણ ચાલ્યા જાયછે. દરબારમાં જઇને ફુલ આપા વલતી વેળા ત્યારે જેલને રસ્તે ચાલ્યા બરાબર જેલ નજીક આ બંને જણ આવ્યા ત્યારે પોતાના ગળા-માંથી હાર તોડી નાખ્યો ને કહેવાલાગી કે બેન મારો હાર તુટી ગયો આ બંનેજણ મોતી વીણવામાં ખોટી થયાં તેટલીવારમાં બધી ચરચા જોઇ લીધી પોતાના ધણીને પણ દુખના સાગરમાં પડેલો જોઇ ઘણું કલપાંત કરવા લાગી. પણ સું કરે લાચાર પોતે ધીરજ રાખી ત્યાંથી ચાલી નીકળી હવે બંનેજણ ઘેર આવ્યાં એક બે દીવસ ગામમાં ફરી બધા રસ્તા સારી રીતે જોયા હવે પોતે વીચાર કરે છે કે મારૂ કામ જલદી કરી લઉ તો ઠીક એમ કરી પોતે ઘેન નાખી કોઇ ન જાણે તેમ લાડવા બનાવી થાલમાં ભરી ઉપર રેસમી રૂમાલ ઢાંકી એક બાજુ મુકી દીધા હવે રાતના બાર વાગવાનો વખત થયો તે વખત ઉઠી સોલ સંણુગાર સજી સારા સારા ઘરેણાં પહેરી હાથમાં થાલ લઇ ચાલી નીકળી ચાલતા ચાલતા જેલની નજીક આવે છે તેમ બે સીપાઇઓ ઉઘાડી તલવારે રોકી કરેછે.

જમાલખાં:—અરે દેખો તો અભી પરીકે માફક કોણ આતીહે,

સેરખાં:—એતો કોઈ ઓરત આતી હે,

જમાલખાં:—એતની વખતશે કેસી એકીલી આતીહે પુછોતો સહી કીધર જાતીહે,

સેરખાં:—અબે કોનહે ઇતને બખતકુ કીધર જાતેહે.

સ્ત્રી:—કેમ સીપાઇ સાહેબ એતો હું નગર શેઠના દીકરાની વહુ છું

જમાલખાં:—અભી એતની બખતસે કીધર ગયે હે

સ્ત્રી:—મારા ભાઇના લગન હતા તો કામકાજમાં મોડું થઇ ગયું અને આ થાલમાં મારા પતી વાસ્તે લાડવા આપેલા છે. તો લો સીપાઇ સાબ આમાથી ખાવ.

એટલું કહેતા તો જેમ અગ્ની આગલ ઘીઇને ઓગળતાં વાર લાગે તેટલા વખતમાં બંને સીપાઈ ઓગળી ગયા અને સ્ત્રીની સાથે વાતો કરવા મંડી ગયા હવે પેલો થાલ સીપાઈઓ આગલ મુકયો. તેમાથી બંનેજણ ખાવા મંડી ગયા અને વાતો કરે છે કે કેમ જમાલખા:અબે કયા કેતેહો મીયાં સેરખા અબે લડુકી કેસી લેજત આતીહે જમાલખા કહે અબે બાત અછી લેજત આતીહે એમ વાતો કરતા કરતા બેયજણ ઢળી પડયા એટલામાં ચંચલ એકદમ જેલમાં જતી પોતાના પતીને જગાડયો અને પોતાની પાસે ખંજર હતું તે વતી બેડી તોડી નાખી અને એકદમ ત્યાંથી બંને જણા માલણને ઘેર આવ્યાં અને માલણને મળી ત્યાંથી: એજ વખત બંનેજણા પોતાના દેસ તરફ ચાંલતા થયાં ચાલતા ચાલતા પેલા

વડ નીચે જે ધન દાટેલું હતું તે ઠેકાણે આવ્યાં ત્યાંથી સરવે ધન લઇ પોતાના ગામમાં આવીને રહયા: પછી ફતેચંદ પોતાના ઉપર વીતેલી સરવે હકીગત પોતાની સ્ત્રી ચંચલને કહી સંભલાવી અને ચંચલે પોતાની બનેલી હકીગત પોતાનાં પતી. ફતેચંદને કહી સંભલાવી. બંને જણા ખુશી થયા અને પછીથી સુખ ચેનમાં દીવસ ગુજરવા લાગ્યાં.

સમાપ્ત.

૧૧૯-૪

જાહેર ખબર

મેહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો આજ કાલ કેટલીક જાતના સુગંધી અને સારા તેલો નીકલી ચુકયાં છે તે સરવે વાપરતાં હશો પણ અમો હીમતથી એટલી ભલામણ કરીએ છીએ કે (**ગુલ-બકાવળી હેર ઓઇલ**) ની એક બાટલી ખરીદ કરીને તમો ફકત એકજ વખત ઉપયોગમાં લેશો તો પછી ગમે તેવું સુગંધી અને સારૂ તેલ હસે તોપણ તમોને કદી લેવાનું મન થશે નહી. ગુલ બકાવલી હેર ઓઇલ કાઠીઆવાડ પ્રાંતમાં પ્રખયાત થયેલુ છે અને રાજ રજવાડામાં પણ અમારા તેલની સેંકડો બાટલી વપરાય છે અને જેવુ નામછે તેવોજ ગુણ કરેછે.

૧) આએ તેલ માથામાં નાખવાથી ગમે તેવા બરછટ વાળ હોય તેને સુવાળા રેશમ જેવા કરી ચળકતા બનાવે છે અને વાળના મુળમાં જોસ આપી વાળને મજબુતી આપી ખરતા વાળને અટકાવેછે. (૨) અતીસય ઉજાગરાથી મગજને ઘણો શ્રમ આપવાથી તડકામાં ફરવાથી ગરમીકે પીતથી માંથુ દુખી આવે છે તે વખતે જો ગુલ બકાવળી હેર ઓઇલ વાપરવામાં આવેતો મગજને સાન્તી સાથે ખુશબો આપી અને ફકત પાંચ મીનીટમા માથુ દુખતુ મટાડેછે, (૩) કેટલાકોને ગરમીને લીધે વાળ ખરી પડી ટાલ પડી જાયછે તેમાટે આ તેલ એક રામબાણ ઊપાયછે કેમકે ટુક વખતમાં વાળનો વધારો કરી સુવાળા રેશમ જેવા બનાવેછે વળી નાના બાળકો ને માથામાં ગુમડા જુ લીખો વગેરે થતા અટકાવી વાળને સાફ રાખી મગજને થંડક આપેછે, (૪) ઊપરના સરવે થતા ફાયદાની ખબર કયારે પડે " જેમ કોઈ માણસ અરીસાથી

પોતાનું મોહુ જુવેછે અને પછી પોતાના મોઢાં ઊપર કાંઈ હાથ પે રેલો જણાય આવેછે તેમ આ ગુલબકાવળી હેર ઓઇલ તેલની એક બાટલી વાપરવાથી કેટલાક થતા ફાયદા જનાય આવેછે (૫) નકસો ઉપરથી ગામ જાણવું અને ગામમાં પગે ચાલીને ફરી આવવું એમા કેટલો તફાવત છે તેમ ટુંકામાં એટલુંજ કે ગુલબકાવળી હેર ઓઈલ નામ જાણવુ પણ જો બાટલીનો અનુભવ લેશો તો ખરી ખાત્રી થશે.

દોહરો

સ્ત્રી. અને પુરૂસોને કહુંછું સત્ય પ્રમાણ.
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નીરવાણ.
ગુણ તેમા છે કેટલા કહું તેનો વીસતાર.
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નરનાર.
બારે માશ આ બાટલી અને છે ફાયદાકાર
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નરનાર
માથાના દરદો ઉપરે છે બાટલી રામબાણ,
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નીરવાણ
ગરમી કે વલી પીતથી દુખે માથુ તે વાર
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નરનાર
જુ, ખોડો ને લીખની ધાસ્તી નહી જરાય
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નરનાર
ચલકાટ સાથે વાળ બહુ મોટા જલદી થાય
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નરનાર

નાના બાળકોને વળી ઘણુજ ઉપયોગી થાય
ગુલબંકાવળી હેરઓઇલ વાપરજો નરનાર
ગુલબંકાવળી હેરઓઇલની ખરીદ કરો તે વાર
પણ, વખતચંદ વેલસી, ઊપર વાંચી લેવું નામ.

રાગ, સીતાજીના મહીનાનો

હારે ચાલોને જઇએરે આજ ભુલેશ્વર માં સખી.
નથી માંથામાં નાંખવા તેલ ખલાસ થઇછે બાટલી
હારે મારી વાલી રંભારે બેન સાભળ કહું વાતડી
લાવજે ગુલબંકાવળી હેર ઓઇલની બાટલી
હારે. લીલા, પીલાને લાલ ગુલાબી બહુ વળી બોક્ષ છે
ઊપર વાંચી જો જે નામ વખતચંદ...વેલસી છે
હારે એની લાવજે બાટલી એક છ આના તુ આપીને
થાસે રેસમ જેવા વાળ ખોડો જુ લીખ નહી પડે
હારે વાપરવામાં સારૂ છે તેલ સુગંધ સારી આપે છે
અને ગુણ તેમા છે અનેક જલદી દુખ જાય છે
હારે ગરમી પીતથી માથુ જો આવે એની તારૂ દુખવા
ત્યારે વાપરજે તું આ તેલ કરીશ નહી કાંઇ દવા
હારે મારી વાલી દીવાળી રે બેન, એવો ગુણ તેલમાં
ગુલબંકાવળી હેરઓઇલ ક્યાથી તારા ધ્યાનમાં
હારે મારી વાહલી રંભારે બેન સાંભળ કહું તને
હુ ગઇતી ભુલેશ્વર માય અચરીજ થયું મને
હારે દીઠા પાટીયા નવીન ત્યા અલીલા પીલા રંગનાં
બરાબર જોયું મે ત્યાય હતા છબ્બા સાથના
હારે ત્યારે પુછા કરી ત્યાથી ખરીદી મે બાટલી
માથાના સરવે મારા દુખ ગયા એની નીસરી.

હારે મારૂ માથુ દુખતુ રોજ અજવાટ પણુ બહુ થતી
મને સુ બેથી નીદ્રા બેન નોતી પણ આવતી
હારે આઠ દીવસ થયા તેલ વાપરવાને માંડયું છે
ત્યારથી મારી આંખોને તેજ બેની બહુ આવ્યું છે
હારે માટે કહુંછુ તનેરે બેન લાવજે તુ બાટલી
વાપરવા પછી તું બેન થઇશ ખુશી ખુશી
હારે વી, વી, કહે સુણો નરનાર દગો નથી જરાએ
ખરી ખાત્રીથી કહીએ આજ ખરીદ કરો તમે

મનહર છંદ

સ્ત્રી, અને પુરૂસોને વાપરવા લાયક છે.
નામ તેનુ ગુલણકાવળી હેરઓઇલ છે.
નામ તેવો ગુણ કરે મગજમાં બહુ કરે
સુખ સાથે સાન્તી આપી વાળને વધારે છે.
આંખો ને તેજ આપી રેશમ જેવા વાળકરી
ખોડો અને. જુ, લીખ થતા અટકાવે છે.
વી, વી, કહે એકવાર ખરીદ કરીને જુવો
વાપરવા પછી. તેની ખરી ખાત્રી થાય છે

કીમત બાટલી-૧-૩૦-૬-૦

બનાવનાર તથા વેચનાર

શા૦ વખતચંદ વેલસી. વખતપુરવાલા

ઠે૦ સાન્તી સુધાકર છાપખાના ઉપર બીજે માળે
ધંજીગલી.—મુંબઈ.